ધોરણ ૧ થી ૮ માં માસ પ્રમોશન આપવા

બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય, સરદાર ભવન,

સેક્ટર-૧૦, ગાંધીનગર - ૩૮૨૦૧૦

ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૪૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫

Email ID: sok51343@gmail.com

પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૧/૧૮૯૬૯૯/ક

તારીખ : ૧૬/૦૪/૨૦૨૧

પરિપત્ર

રાજ્યમાં તાજેતરમાં કોરોનો વાઇરસ (કોવિડ-૧૯) નું સંક્રમણ વધતાં તારીખ ૧૫/૦૪/૨૦૨૧ ના રોજ સરકારશ્રી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને રાજ્યના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા અંગેના કરેલ નિર્ણયની જાહેરાત કરવામાં આવેલ છે. એટલે કે આ વિભાગના તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક : GH/SH/83/PRE/122019/Single File-5/K થી આપેલ સૂચનાઓનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતો મોકૂફ રાખવામાં આવે છે. સરકારશ્રીના આ નિર્ણય મુજબ રાજ્યમાં કોરોનાના વ્યાપક ફેલાવાને કારણે રાજ્યમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ પૂરતું માસ પ્રમોશનથી આગળના ધોરણમાં લઇ જવાની મંજૂરી આપવામાં આવે છે.

૨. હાલમાં Home Learning અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે જે આગામી સમયમાં પણ ચાલુ જ રહેશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓના સતત મૂલ્યાંકન તેમજ ઉપચારાત્મક કાર્યના ભાગરૂપે વિદ્યાર્થીઓનું સમયાંતરે જરૂરિયાત મુજબ મૂલ્યાંકન કરવામાં આવશે. પરંતુ આ મૂલ્યાંકનના પરિણામોના આધારે કોઇપણ વિદ્યાર્થીઓને નાપાસ કરવાના રહેશે નહીં. આ અંગેની આનુષંગિક વિગતવાર સૂચનાઓ GCERT, ગાંધીનગર દ્વારા બહાર પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના :

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.

➢ માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૨, સચિવાલય, ગાંધીનગર
➢ અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
➢ સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
➢ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
➢ નિયામકશ્રી, GCERT, સેક્ટર-૧૩, ગાંધીનગર.
➢ શાખા સિલેક્ટ ફાઇલ.

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/મા.પ્ર./૨૦૨૧/૩૭૪૨ - ૩૮૫૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ડૉ. જી.મ.ભવન, બ્લોક નં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તા.૧૬/૦૪/૨૦૨૧

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

૪/- જાણ તથા અમલ સારૂં..

(એન.પી.રાવલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

જા.ન/પ્રાથમિક/માસ પ્રમોશન/૨૦૨૧/ ૫૮૭૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૧૯/૦૪/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સુરત શહેરી વિસ્તારની અનુદાનિત/બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ,

૨/-ઉક્ત પત્રથી જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત